# મેમોરેન્ડમ ઓફ એસોશીએશન

ટ્રસ્ટનું નામ : હોર્ટીકલ્ચર એલ્યુમની એસોશીએશન, આણંદ

(કોલેજ ઓફ હોર્ટીકલ્ચર )

ટ્રસ્ટનું સરનામું : કોલેજ ઓફ હોર્ટીકલ્ચર

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ, તા.જી. આણંદ

ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર : સમગ્ર ભારત દેશ રહેશે.

ટ્રસ્ટના હેતુઓ : ટ્રસ્ટના હેતુઓ આ મુજબના રહેશે જે પ્રવર્તમાન કાયદાને આધીન રહીને કાર્ય કરશે.

(૧) બાગાયતના વિકાસ સાથે જોડાયેલ વૈજ્ઞાનિકો, પ્રાધ્યાપકો, ખેડૂતો તથા વિદ્યાર્થીઓ ધ્વારા બદલાતી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી તથા સંશોધનોને પ્રચાર પ્રસાર ધ્વારા ઉપયોગમાં કરવા અને બાગાયતની ખેતીમાં ઉદ્‌ભવતા પ્રશ્નોની ચર્ચા કરવા માટેનું એક મંચ પૂરું પાડવું.

(૨) બાગાયતી પાકો જેવા કે ફળપાકો, શાકભાજીપાકો, ફૂલપાકો, ઔષધીય પાકો વગેરેમાં થયેલ સંશોધનોને જુદા-જુદા માધ્યમો જેવા કે દૈનિક, માસિક, વાર્ષિક સામાયિક ધ્વારા પ્રકાશિત કરવા તથા જુદી-જુદી વિસ્તરણ પ્રવૃત્તિ ધ્વારા તેનો પ્રચાર- પ્રસાર કરવો.

(૩) બાગાયતના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ બાગાયતવીરને જુદા-જુદા ક્ષેત્રોમા પુરસ્કાર, ચંદ્રકો ધ્વારા પુરસ્કૃત કરવા.

(૪) બાગાયત અને તેના સંલગ્ન વિષયોમાં સંશોધનોને પ્રોત્સાહન આપવું તથા તેમાં જુદી-જુદી સ્થળે મદદરૂપ થવું.

(૫) બાગાયત કોલેજ કક્ષાએ રમત-ગમતની પ્રવૃત્તિઓ હાથ ધરવી. યુવાનો તથા યુવતીઓને પ્રોત્સાહન મળી રહે તેવી રમત-ગમતની હરીફાઈઓ યોજવી તેમજ પ્રોત્સાહનરૂપે ઈનામની વહેચણી કરવી.

(૬) બાગાયત કોલેજના વિદ્યાર્થીઓના વિકાસ માટે રાષ્ટ્રીય તથા રાજ્યને અનુરૂપ સંશોધન અને શિક્ષણને લગતા વિષયોના સેમીનાર, મેમોરીયલ લેક્ચર્સ, ચર્ચા તથા સમૂહ ચર્ચાનું આયોજન કરવું.

(૭) એસોશીએશન ધ્વારા લાયક તેજસ્વી વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવી તથા ગરીબ અને જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, ફી, પુસ્તકો, ગણવેશ, નોટબુકો તથા અન્ય શૈક્ષણિક સાધનો આપી મદદરૂપ થવુ.

(૮) સરકારશ્રીના બાગાયત તથા ખેતી સંલગ્ન સાર્વજનિક પ્રોજેક્ટો હાથ ધરવા અને દેશના વિકાસ માટે તથા સમાજ સેવાના અને લોકસેવાના કર્યો કરવા અને લોકો સુધી પહોચાડવા.

(૯) જુદી-જુદી એસોશીએશનની પ્રવૃત્તિઓને ચલાવવા માટે માળખાકીય સવલતો ઉભી કરવી.

(૧૦) એસોશીએશનની પ્રવૃત્તિઓ ચલાવવા માટે ભંડોળ ઉભું કરવું તથા દાન તથા થાપણો સ્વીકારવી.

(૧૧) એસોશીએશનના સભ્યો તથા કોલેજના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને આર્થિક મદદ કરવી.

(૧૨) એસોશીએશનની સરળ કામગીરીના વહન માટે નક્કી કરેલ કાર્યપધ્ધતિ મુજબ વ્યક્તિઓની નિમણુક કરવી.

(૧૩) સ્વચ્છતા તથા સમાજ જાગૃતિના કાર્યક્રમો કરવા.

(૧૪) વૃક્ષોનું વાવેતર કરવા સામાજિક જાગૃતિ ફેલાવવી તથા લોકોને વૃક્ષારોપણ કરવા પ્રેરીત કરવા.

જાહેર સ્થળોએ વૃક્ષારોપણ કરવું. વૃક્ષારોપણથી થતા ફાયદા વિશે લોકજાગૃતિ ફેલાવવી. તેમજ મૃતપ્રાય થયેલ વૃક્ષોનુ સુશોભન કરી તેનું સૌદર્ય તથા પુન: જીવિત કરવાના પ્રયત્ન કરવા.

(૧૫) સંસ્થા ધ્વારા અતિવૃષ્ટિ, રેલ્વે રાહત, વાવાઝોડા,ભૂકંપ, રોગચાળા અને અનાવૃષ્ટિ જેવા સંકટોમાં પીડિતોને જરૂરી તમામ પ્રકારની સુવિધાઓ પુરી પાડવી.

# <u>નિયમો અને ધારા ધોરણ</u>

**(૧) ટ્રસ્ટનું નામ** : હોર્ટીકલ્ચર એલ્યુમની એસોશીએશન, આણંદ

**(૨) ટ્રસ્ટનું સરનામુ** : કોલેજ ઓફ હોર્ટીકલ્ચર
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

**(૩) સભાસદ અને તેના પ્રકાર:** આજીવન અને વાર્ષિક

**(અ) આજીવન સભ્યપદ:**

બાગાયત તથા કૃષિ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ કે જેમણે ઓછામાં ઓછી એક પદવી (સ્નાતક અથવા અનુસ્નાતક) મેળવેલ હોય તેઓ આ સભ્યપદ માટે લાયક હોય સભ્યપદ ફી ૫૦૦/– ભરી સભ્યપદ મેળવી શકશે.

**(બ) શિક્ષક સભ્યો:**

બાગાયત તથા કૃષિ મહાવિદ્યાલયમાં ફરજ બજાવતા શિક્ષકો આ એસોશીએશનને સભ્યપદ માટે માન્ય હોય સભ્યપદ ફી ૧૦૦૦/– ચૂકવી આજીવન શિક્ષક સભ્યપદ મેળવી શકશે.

**નોંધ:** ઉપરોકત સભ્યો અથવા ચુંટાયેલા કારોબારી સમિતિના સભ્યો પૈકી કોઈપણ સભ્ય અવસાન પામે, રાજીનામુ આપે, સમયસર સભ્ય ફી નહી ભરે, ટ્રસ્ટના હીત વિરૂધ્ધની પ્રવૃતિ કરે તેવા તમામ સંજોગોમાં તેઓનું સભ્ય પદ રદ થવાને પાત્ર રહેશે.

**(૪) આવકના સાધનો:**

દાન, ભેટ, ફંડ, ફાળો, લવાજમ, સભ્ય ફી, ચેરીટી શો, સરકારશ્રીની સહાય, વિદેશી સહાય, ગ્રાન્ટ, પ્રવૃતિ આવક વગેરે રહેશે.

**(૫) હિસાબી વર્ષ:** આ સંસ્થાનું હિસાબી વર્ષ નાણાંકીય વર્ષ પ્રમાણે ૧ લી એપ્રિલ થી ૩૧ માર્ચ રહેશે.

**(૬) સામાન્ય સભાની ફરજો અને સત્તાઓ:**

(૧) ઉપર અનું (૩) માં જણાવેલ તમામ સભાસદોની બનેલી સભાને સામાન્ય સભા કહેવામાં આવશે, સામાન્ય સભા દર વર્ષે હિસાબી વર્ષ પુરુ થયા પછી મોડામાં મોડા ૬ માસની અંદર ભરવામાં આવશે.

(૨) કારોબારી સમિતિ તરફથી રજુ કરવામાં આવેલ વાર્ષિક નિવેદન મંજુર કરવામાં આવશે, વાર્ષિક બજેટ મંજુર કરશે અને કારોબારી સમિતિને તે પ્રમાણે ખર્ચ કરવાની પરવાનગી આપશે. કારોબારી સમિતિની ચુંટણી અથવા બહુમતીથી નિમણૂંક કરશે.

(૩) કારોબારી સમિતિ તરફથી રજુ થયેલ કામોનો નિકાલ કરશે.

(૪) જરૂર જણાયે ખાસ સાધારણ સભા બોલાવી શકાશે, મીટીંગ બોલવવા માટે ઓછામાં ઓછા ૫ દિવસ અગાઉ સભ્યોને જાણ કરવામાં આવશે.

(૫) મંડળના સભ્યોના ૧/૩ અથવા ૧૦ સભ્યોની હાજરીથી કોરમ થયેલું ગણાશે અને કોરમના અભાવે મુલત્વી રહેલી સભા તે જ દિવસે નકકી કરેલા સ્થળે એક કલાક પછી ફરીથી મળી શકશે, તેમા કોરમનો બાધ આવશે નહી. નોન કોરમ મીટીંગમાં ફકત એજન્ડામાં જણાયેલ કામો જ હાથ ઉપર લેવામાં આવશે.

**(૭) કારોબારી સમિતિની સંખ્યા અને અનુગામી નિમવાની રીતઃ**

દર પાંચ વર્ષે સામાન્ય સભા કારોબારી સમિતિના ઓછામાં ઓછા ૯ અને વધુમાં વધુ ૧૫ સભ્યોની બહુમતીથી નિમણૂંક કરશે. જેની મુદત પાંચ વર્ષની રહેશે. કારોબારી સમિતિ પોતાનામાંથી બહુમતીથી પ્રમુખ, મંત્રી અને ખજાનચીની નિમણૂંક કરશે. મુદત દરમ્યાન કારોબારી સમિતિના સભ્યોની કોઈપણ કારણસર ખાલી જગ્યા પડે તે ખાલી જગ્યા કે અધિકતમ સંખ્યા સુધીની ખાલી રહેલી જગ્યા પુરવાના સમયે કારોબારી સમિતિ બહુમતીથી બાકી રહેલા સમય માટે પુરી શકશે.

**(૮) કારોબારી સમિતિની ફરજો અને સત્તાઓઃ**

(૧) સતત ત્રણ મીટીંગમાં ગેરહાજર રહેનાર સભ્ય અને મંડળના હિત વિરૂધ્ધની પ્રવૃતિઓ કરનારને યોગ્ય તક આપી યોગ્ય કાર્યવાહી કરીને તેઓને દુર કરવાની કાર્યવાહી કરશે.

(૨) દર ત્રણ મહિને કારોબારીની એક સમિતિ એક સામાન્ય બેઠક મળશે. તેમાં જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. ટ્રસ્ટની સ્થાવર મિલકતો ખરીદવી, વેચવી, અદલો, બદલો, ગીરો, બક્ષીસ, ભાડે પટ્ટો વગેરે પૈકી કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવાનો થાય તો તે બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ની કલમ ૩૬ ને પાત્ર રહીને સમિતિ બહુમતિથી ઠરાવ કરીને તેઓ વ્યવહાર કરી શકશે.

(૩) જરૂરીયાતના પ્રસંગે પેટા સમિતિઓ નિમશે અને તેમની કામગીરી ઉપર ધ્યાન રાખશે અને તેમનો અહેવાલ માંગશે.

(૪) કારોબારી સમિતિની મિટીંગ બોલાવવા માટે ઓછામાં ઓછા પાંચ દિવસ અગાઉ અથવા જે તે વખતે કારોબારી સમિતિ ઠરાવે તે રીતે જાણ કરાવવામાં આવશે.

(૫) કારોબારી સમિતીના સભ્યોની ૧/૨ (૫૦%) સભ્યોની હાજરીથી કોરમ થયેલું ગણાશે. કોરમના અભાવે મુલત્વી રહેલી સભા તે જ દિવસે નકકી કરેલા સ્થળે એક કલાક પછી ફરીથી મળી શકશે. તેમાં કોરમનો બાધ આવશે નહી. નોન કોરમ મિટીંગમાં ફકત એજન્ડામાં જણાવેલ કામો જ હાથ ઉપર લેવામાં આવશે.

(૬) વાર્ષિક હિસાબો ઓડીટ કરવાનીને નિયત સમયમાં ચેરીટી કમિશ્નરની કચેરી, આણંદ ખાતે રજુ કરવાની કામગીરી કરશે. તેમજ વખતોવખત ટ્રસ્ટીઓમાં થતા ફેરફારની જાણ પણ સમય મર્યાદામાં કરશે.

(૭) જરૂરીયાતના પ્રસંગે ચુંટણી તેમજ અન્ય પેટા નિયમો બનાવશે. જ બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ની જોગવાઈ અનુરૂપ રહેશે.

**(૯) હોદ્દેદારોની ફરજો અને સત્તાઓઃ**

**(૧) પ્રમુખઃ**

દરેક સભાઓમાં હાજર રહીને કામકાજ સરળતાથી અને નિયમસર ચાલે છે કે કેમ તે અંગેની કાળજી રાખશે. કારોબારી સમિતિ તથા સામાન્ય સભા તથા વિશેષ સામાન્ય સભા બોલાવવી અને વર્ષ દરમ્યાન ચાલતી તમામ પ્રવૃતિઓ પર દેખરેખ રાખશે, સલાહ સુચનો તેમજ માર્ગદર્શન આપશે. મંડળના કોઈપણ રેકર્ડના ઉતારાની ઉપર ખરાપણાની સહી કરી શકશે, તેમજ સરખા મતના પ્રસંગે કોસ્ટીંગ વોટ પણ આપી શકાશે. મંડળ માટે તેમજ તે સંસ્થા માટે પગારદાર નોકરોને યોગ્ય મહેનતાણુ આપવાનું નકકી કરી રાખી શકાશે.

**(૨) મંત્રીઃ**

પ્રમુખની સંમતિથી સાધારણ સભા, ખાસ સભા, કારોબારી સમિતિની સભાઓ બોલાવવી, દરેક સભાના કામકાજની ટુંકી નોંધ ઠરાવ બુકમાં કરાવી, સભાના સુચનો તથા ઠરાવો અમલમાં મુકવા, દરેક પ્રકારનો પત્રવ્યવહાર કરવો, વાર્ષિક નિવેદન તૈયાર કરવુ અને અંદાજપત્ર પણ તૈયાર કરી, કારોબારી સમિતિની સમક્ષ રજુ કરવુ. ખર્ચના મંજુર થયેલા અંદાજ પ્રમાણે આવેલ બિલો તપાસી મંજુર કરી ખર્ચ પાડવા સારૂ પ્રમુખને મોકલવા. મંડળના કોઈપણ નોંધવહી અગર રેકર્ડના ઉતારાની નકલ પર ખરાપણાની સહી કરી શકશે. ડેડસ્ટોક તથા દરેક પ્રકારના સભ્યોના નામ સરનામાવાળા રજીસ્ટર નિભાવશે.

**(૩) ખજાનચીઃ**

મંડળના વાર્ષિક હિસાબો નિયમિત રાખશે અને હિસાબી સાહિત્યની જાળવણી કરશે, દરેક પ્રકારની આવકની પહોંચો આપશે. વાર્ષિક હિસાબો, સભ્ય ફી તથા ખર્ચના હિસાબો રાખવા, સ્થાવર જંગમ મિલકતના રજીસ્ટર નિભાવશે. દર વર્ષે તે મિલકતોનું મેળવણું કરશે. વાર્ષિક હિસાબોનું ઓડીટ કરાવવાની કામગીરી કરશે.

**(૧૦) નાણાંકીય વ્યવસ્થાઃ**

મંડળના ફંડ તથા મિલકત પર મંડળની માલિકી રહેશે. કોઈપણ સભાપદ તેના પર વ્યકિતગત માલિકી હક કરી શકશે નહી. નાણાંકીય લેવડ–દેવડ કરવા પ્રમુખ, મંત્રીશ્રી કે ખજાનચી પૈકી કોઈપણ બે ની સંયુકત સહીથી કરવામાં આવશે જેમાં પ્રમુખની સહી હોવી જરૂરી છે. તમામ નાણાં રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવામાં આવશે.

**(૧૧) ફેરફાર બાબતઃ**

સદરહુ નિયમો અને ધારાધોરણ તેમજ મેમોરેન્ડમ ઓફ એસોસીએશનમાં જણાવેલી હકીકતો ફેરફાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો સોસાયટી રજીસ્ટ્રેશન એક ૧૮૬૦ હેઠળની જોગવાઈઓ મુજબ ફેરફાર કરવામાં આવશે.

**(૧૨) મંડળના વિસર્જન બાબતેઃ**

સદર ટ્રસ્ટ રદ થાય નહી તેવુ (ઈરોવોકેબલ) રહેશે. આમ છતાં કોઈપણ એવા કારણસર ટ્રસ્ટનું વિસર્જન, બંધ થશે તો, ટ્રસ્ટની કોઈપણ મિલકત તેના સ્થાપક, સેટલર, ટ્રસ્ટી, દાતા અથવા સભ્યને મળશે નહી. પરંતુ જવાબદારીઓ ચુકવ્યા બાદ રહેતી મિલકત આવા સમાન હેતુ ધરાવતા તેમજ આવી સરખી પ્રવૃતિ કરતા ટ્રસ્ટને પબ્લીક ટ્રસ્ટ એક ૧૯૫૦ ની જોગવાઈને આધીન ચેરીટી કમિશ્નરશ્રીની પૂર્વ મંજુરી મેળવી ટ્રાન્સફર કરી શકાશે.